॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Website : www.jainshikshan.org E mail : jainshikshanboard@gmail. com

૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦

સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.
૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.

## શ્રેણી – ૧૬

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** (૫)

૧. સામાયિકમાં જોક્સ કરે તો કયો અતિચાર? કયા પાઠમાં? **વય દુપ્પણિહાણે, નવમા વ્રતમાં/આઠમો પાઠ**

૨. શ્રાવકે બીજવાળું ભોજન કર્યું હોય તો કયો અતિચાર? કયા પાઠમાં? **સચિત્તાહારે, સાતમા વ્રતમાં**

૩. નિગોદ તથા વાઉકાયની જીવાયોનિ કેટલી? **૧૪ લાખ તથા ૭ લાખ**

૪. ૩૩ બોલમાંથી છટ્ઠા બોલમાં હેય, જ્ઞેય, ઉપાદેય કેટલા? **હેય – ૩, જ્ઞેય – ૬/૧૨, ઉપાદેય – ૩**

૫. જ્ઞાતાધર્મકથા અને આચારાંગ સૂત્રના અધ્યયન કેટલા? **૧૯ અને ૨૫**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે?** (૫)

૧. પાયપુચ્છણેણં **રજોહરણ – ગુચ્છાથી** **બારમું વ્રત**

૨. ઓહાસણભિક્ખાએ **વિશિષ્ટ વસ્તુ માગીને ભિક્ષા લેવા વડે** **બીજું શ્રમણસૂત્ર**

૩. મયટ્ઠાણેહિં **મદના સ્થાનથી** **ચોથું શ્રમણસૂત્ર**

૪. અણુપાલિયં **પાલન કરેલ** **સામાયિકનો આઠમો પાઠ**

૫. નેઆઉયં **ન્યાયયુક્ત છે** **પાંચમું શ્રમણસૂત્ર**

**(૩) નીચેના શબ્દોનું માગધી લખી કયા પાઠમાં આવે? તે લખો.** (૩)

૧. બંન્ને કાળ **ઉભઓકાલં** **ત્રીજા શ્રમણસૂત્રમાં**

૨. સ્પર્શના કરું છું **ફાસેમિ** **પાંચમા શ્રમણસૂત્રમાં**

૩. આરોગ્ય **આરુગ્ગ** **લોગસ્સના પાઠમાં**

**(૪) માત્ર સંખ્યા લખો.** **(૨)**

૧. રત્નની જીવાયોનિ **૭ લાખ** ૨. સંયમના પ્રકાર **૧૭**

૩. વૈક્રિય શરીરસંબંધી અબ્રહ્મચર્ય **૯** ૪. ઉત્તમ **૪**

**(૭૦)**

**પ્ર.૨ (અ) દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રના આધારે લખો.** **(૪૦)**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરો.** **(૯)**

૧. જયા **જયા લોગમલોગંચ, જિણો જાણઇ કેવલી । તયા જોગે નિરુંભિત્તા, સેલેસિં** પડિવજ્જઇ ॥

૨. સુહ **સાયગસ્સ સમણસ્સ, સાયાઉલગસ્સ નિગામસાઇસ્સ ।**

**ઉચ્છોલણા પહોયસ્સ, દુલ્લહા સુગઇ તારિસ** ગસ્સ ॥

૩. મિત્તવં **નાઇવં હોઇ, ઉચ્ચાગોએ ય વણ્ણવં । અપ્પાયંકે મહાપન્ને, અભિજાએ જસો** બલે ॥

૪. સવ્વ **ભૂયપ્પભૂયસ્સ, સમ્મં ભૂયાઇં પાસઓ । પિહિયાસવ્વસ્સ દંતસ્સ, પાવં કમ્મં ન** બંધઇ ॥

૫. વિગિંચ **કમ્મુણો હેઉં, જસં સંચિણુ ખંતિએ । સરીરં પાઢવં હિચ્ચા, ઉડ્ઢં પક્કમઇ** દીસં ॥

૬. સોચ્ચા **જાણઇ કલ્લાણં, સોચ્ચા જાણઇ પાવગં । ઉભયં પિ જાણઇ સોચ્ચા, જં સેયં તં** સમાયરે ॥

**(૨) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૮)**

૧. જયા **નિવ્વિંદએ ભોએ, જે દિવ્વે જે ય માણુસે । તયા ચયઇ સંજોગં, સબ્ભિંતર** બાહિરં ॥

**અર્થ : જ્યારે આત્મા દેવોના દિવ્ય તેમ જ મનુષ્ય સંબંધી કામભોગોને નિઃસાર, દુઃખરૂપ માની તેનાથી વિરક્ત બને છે ત્યારે બાહ્ય (ધન, સુવર્ણ, કુટુંબ આદિ) તથા આભ્યંતર (ક્રોધ, માન વગેરે કષાય), સંયોગોનો ત્યાગ કરે છે.**

૨. સોહી **ઉજ્જુય ભૂયસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઇ । નિવ્વાણં પરમં જાઇ, ઘયસિત્તિવ્વ** પાવએ ॥

**અર્થ : સરળ પ્રકૃતિવાળી વ્યક્તિની જ શુદ્ધિ થાય છે અને તે શુદ્ધિ પ્રાપ્ત સરળ આત્મામાં જ ધર્મનો વાસ થાય છે. ઘીથી સંચિત અગ્નિની સમાન તપ તેજથી દેદીપ્યમાન બનતો થકો તે આત્મા પરમ નિર્વાણ એટલે કે મોક્ષને પ્રાપ્ત કરે છે.**

૩. માણુસ્સં **વિગ્ગહં લદ્ધું, સુઇ ધમ્મસ્સ દુલ્લહા । જં સોચ્ચા પડિવજ્જંતિ, તવં ખંતિમ** હિંસયં ॥

**અર્થ : મનુષ્યભવની પ્રાપ્તિ થઇ ગયા પછી ધર્મનું શ્રવણ કરવાનો અવસર મળવો દુર્લભ છે. તે ધર્મને શ્રવણ કરીને જીવ તપ, ક્ષમા અને અહિંસા રૂપ દયાધર્મને અંગીકાર કરે છે.**

૪. ઇચ્ચેયં **છજ્જીવણિયં, સમ્મદિટ્ઠી સયા જએ । દુલ્લહં લહિત્તુ સામણ્ણં, કમ્મુણા ણ વિરાહિ** જ્જાસિ ॥

**અર્થ : સદા યત્નાપૂર્વક પ્રવૃત્તિ કરવાવાળા, સમ્યક્દષ્ટિ, દુર્લભ સાધુપણાને પ્રાપ્ત કરીને આગળ બતાવેલા સ્વરૂપવાળા છકાયના જીવોની મન, વચન, કાયાથી ક્રિયા વડે વિરાધના કરે નહિ.**

૫. એવ **માવટ્ટ જોણીસુ, પાણિણો કમ્મ કિવ્વિસા । ન નિવ્વિજ્જંતિ સંસારે, સવ્વટ્ઠેસુ વ** ખત્તિયા ॥

**અર્થ : જે રીતે સર્વ મનોજ્ઞ કામભોગ પામવા છતાં પણ ક્ષત્રિયોને (રાજાઓને) પોતાના રાજ્યને વધારવાની તૃષ્ણા, લાલસા શાંત થતી નથી, એ જ રીતે સંસારમાં અશુભ કર્મના ઉદયથી વિવિધ પ્રકારની યોનિઓમાં (દુ:ખોને અનુભવતાં) પરિભ્રમણ કરતાં થકા પણ જીવો નિર્વેદને પ્રાપ્ત થતા નથી અર્થાત્ સંસાર પરિભ્રમણ માંથી હું ક્યારે છૂટીશ એવો ઉદ્વેગ થતો નથી.**

૬. અજયં આસ **માણો ય, પાણ ભૂયાઈ હિંસઇ । બંધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં** ફલં ॥

**અર્થ : જે વ્યક્તિ અયત્નાથી પૂંજ્યા વિના સ્થાન ઉપર બેસે તે સર્વ ત્રસ અને સ્થાવર પ્રાણીની હિંસા કરવાવાળા થાય છે. તેથી તેમને પાપકર્મનો બંધ થાય છે તેના પરિણામે કડવા, દુ:ખદાયી ફળ ભોગવવા પડે છે.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૬)**

૧. સંયમ એટલે શું? **ચારિત્રને વિશે પરાક્રમ ફોરવવું.**

૨. બાહ્ય સંયોગો ક્યા છે? **ધન, સુવર્ણ, કુટુંબ.**

૩. પ્રથમ અંગનો ત્રીજો બોલ લખો. **સુવર્ણ આદિ ધનસંચય.**

૪. ધર્મનો વાસ ક્યાં છે? **શુદ્ધિ પ્રાપ્ત સરળ આત્મામાં જ.**

૫. ૭ મો અને ૮ મો અંગ કયું છે? **૭) મહાપ્રજ્ઞાવંત–બુદ્ધિશાળી ૮) વિનયવંત**

૬. શેનું દમન કરવાવાળા પાપકર્મોનો બંધ કરતા નથી? એક શબ્દમાં લખો. **પાંચ ઈન્દ્રિય**

**(૪) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | |
|---|---|
| ૧. ઠિચ્ચા **રહીને** | ૨. આહચ્ચ **કદાચિત્** |
| ૩. સોહિં **શુદ્ધિને** | ૪. કડુયં **કડવા** |
| ૫. ધુણઈ **નાશ કરે છે** | ૬. કલુસં **પાપને** |

**(૫) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

| | |
|---|---|
| ૧. કરીને **કટ્ટુ** | ૨. શરીરનો **વિગ્ગહં/સરીરં** |
| ૩. કેવી રીતે **કહં** | ૪. મિથ્યાત્વ **અબોહિ** |

**(આ) ૯૮ બોલ અલ્પબહુત્વના આધારે લખો. (30)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૨)**

૧. ૩ ગુણસ્થાન લાભે તેવા બોલ લખો. **પંચેન્દ્રિય અપર્યાપ્તા, બાદર જીવ અપર્યાપ્તા.**

૨. માત્ર મનુષ્યક્ષેત્રમાં કોણ હોય? **મનુષ્ય, મનુષ્યાણી, બાદર તેઉકાય પર્યાપ્તા.**

૩. નરકના બોલોમાં શું વધતું જાય છે? **નરકનું ક્ષેત્ર, નરકાવાસ તથા કુંભીઓની સંખ્યા.**

૪. ચોથું અનંતું કયું છે? **જઘન્ય યુક્ત અનંતા.**

૫. સૂક્ષ્મ જીવોમાં કોણ કોના કરતા કેટલા વધારે છે?

**અપર્યાપ્ત સૂક્ષ્મ જીવો કરતા પર્યાપ્તા સૂક્ષ્મ જીવો સંખ્યાતગુણા વધારે છે.**

૬. ઘનીકૃત લોકની કેટલી શ્રેણીઓ છે? **અસંખ્ય આકાશ શ્રેણી.**

૭. ૩૩ સાગરોપમ એટલે કેટલા? **330 ક્રોડાક્રોડ પલ્યોપમ.**

૮. સ્થળચરમાં કોનો સમાવેશ થાય છે? **ઉરપરિસર્પ, ભૂજપરિસર્પ.**

૯. મનુષ્યની અવગાહના મોટી હોવાથી સંખ્યા કેટલી હોય છે? **ક્રોડાક્રોડથી આગળ વધી શકતી નથી.**

૧૦. ૪ ઉપયોગ લાભે તેવા બોલ કયા છે? બે શબ્દમાં લખો. **સંમૂર્ચ્છિમ મનુષ્ય, ચૌરેન્દ્રિય પર્યાપ્તા.**

૧૧. જ્યોતિષી દેવ કેટલા? તેના વિમાન કેટલા યોજનના? બે શબ્દમાં લખો. **અસંખ્યાતા, સંખ્યાત.**

૧૨. જીવના ૪ ભેદ અને ૪ લેશ્યા કોને હોય? **એકેન્દ્રિય જીવ, સમુચ્ચય વનસ્પતિના જીવ.**

**(૨) માત્ર અલ્પબહુત્વ લખો. (૮)**

૧. સ્થળચર પુરુષ, સૂક્ષ્મ વાયુકાય અપર્યાપ્ત, સંમૂર્ચ્છિમ મનુષ્ય, સુભદ્દેના દેવ

**સૌથી થોડા સુભદ્દેના દેવ, તેથી સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંખ્યાત ગુણા, તેથી સ્થળચરના પુરુષ અસંખ્યાત ગુણા, તેથી વાયુકાય અપર્યા. અસંખ્યાતગુણા.**

૨. બાદર નિગોદ અપર્યાપ્તા, પંકપ્રભાના નારકી, શુક્રના દેવ, સૂક્ષ્મ તેઉકાય પર્યાપ્તા

**સૌથી થોડા પંકપ્રભાના નારકી, તેથી શુક્રના દેવ અસં.ગુણા, તેથી બાદર નિગોદ અપર્યાપ્તા અસં.ગુણા, સૂક્ષ્મ તેઉકાય પર્યાપ્તા અસંખ્યાતગુણા.**

૩. અભવી જીવ, ભવી જીવ, છદ્મસ્થ જીવ, અવિરતિ જીવ

**સૌથી થોડા અભવી જીવ, તેથી ભવી જીવ અનંતગુણા, તેથી અવિરતિ જીવ વિશેષાધિક, તેથી છદ્મસ્થ જીવ વિશેષાધિક.**

૪. મનુષ્ય, તિર્યંચ પુરુષ, દેવ, નારકી

**સૌથી થોડા મનુષ્ય, તેથી નારકી અસં. ગુણા, તેથી તિર્યંચ પુરુષ અસં.ગુણા, તેથી દેવ સંખ્યાત ગુણા.**

**(૩) નીચેના બોલનો બાસઠિયો માત્ર સંખ્યામાં લખો. (કોઠો બનાવીને)** **(૧૦)**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ૧. બેઈન્દ્રિય પર્યાપ્તા | ૧ | ૧ | ૨ | ૩ | ૩ |
| ૨. અગ્નિના જીવ | ૨ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૩. જળચર નપુંસક | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૪. સમુચ્ચય અપ્કાય | ૪ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૫. શિલાના નારકી | ૨ | ૪ | ૧૧ | ૯ | ૨ |
| ૬. જુગલિયા કબૂતર | ૨ | ૧ | ૧૧ | ૪ | ૪ |
| ૭. સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૮. ત્રણ પલિયા | ૨ | ૧ | ૧૧ | ૬ | ૧ |
| ૯. સંસારસ્થ જીવ | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૧૦. અવસર્પિણીકાળના પાંચમા આરાનો મનુષ્ય | ૩ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે લખો.**

**(૧) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. ઉત્તમ ક્ષેત્ર કયા નથી? (દતવ્રત, સત્ય, **પરિગ્રહ**)

૨. દાંતથી શું ચાવવા જેવું છે? (**લોઢું**, ચાંદી, લોખંડ)

૩. આકાશમાંથી શેનો વરસાદ થયો? (સુગંધિત જળ, **સચેત પુષ્પો**, દિવ્ય ધન)

૪. હરિકેશીની માતાનુ નામ શું હતું? (પાર્વતી, **ગૌરી**, ઉમા)

૫. શંખ રાજા કઈ નગરીના હતા? (વારાણસી, હસ્તિનાપુર, **મથુરા**)

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૫)**

૧. જાતિ અને વિદ્યાથી રહિત છે. **યક્ષ હરિકેશી મુનિના શરીરમાં પ્રવેશીને બ્રાહ્મણોને કહે છે.**

૨. તું ઘરે ચાલી જા. **યક્ષ ભદ્રાને કહે છે.**

૩. મારું કોઇ અપમાન થયું નથી. **હરિકેશી મુનિ રાજાને કહે છે.**

૪. અહીં કેમ ઊભો છે? **અજ્ઞાની લોકો હરિકેશી મુનિને કહે છે.**

૫. શ્રેષ્ઠ યજ્ઞ કેવી રીતે કરવો જોઇએ? **રુદ્રદેવ હરિકેશી મુનિને કહે છે.**

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. સોમદત્ત ...... અને ...... નો અહંકાર સતત કરતો રહ્યો. **જાતિ, કુળ**

૨. રાજકુમારીએ પૂજા કરતાં ......, ...... મુનિને જોયા. **ગંદા, કુરૂપવાન**

૩. ......, ...... તથા ...... થી તે હરિકેશી મુનિને મારવા લાગ્યા. **દંડ, લાકડી, ચાબુક**

૪. શરીરના અવયવ ...... છે.   **છાણાં**

૫. મુનિનું અપમાન કરો છે તે ...... થી ...... પર્વત ખોદવા સમાન છે.   **નખ, પર્વત**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. ઇત્થં   **યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર ! ધર્મોપદેશન્ વિધૌ ન તથા પરસ્ય !**

**યાદક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાન્ધકારા, તાદક્ કુતો ગ્રહ ગણસ્ય વિકાશિ** નોઽપિ ॥

**અર્થ : હે જિનેશ્વર દેવ ! આ જ પ્રકારે તમારી ધર્મદેશના વખતે અતિશયોની જેવી સમૃદ્ધિ પ્રગટ થઈ હતી, તેવી સમૃદ્ધિ બીજા કોઈની ધર્મદેશના પ્રસંગે થયેલી નથી. સૂર્યનો પ્રકાશ જેટલો અંધકારનો નાશ કરે છે, તેટલો ઉદય પામેલો વિકસિત ગ્રહોનો સમૂહ અંધકારનો નાશ ક્યાં કરી શકે છે ?**

૨. ઉદ્ભૂત   **ભીષણ જલોદર ભારભુગ્નાઃ, શોચ્યાં દશામુપગતાશ્ચ્યુત જીવિતાશાઃ ।**

**ત્વત્પાદ પઙ્કજ રજોમૃત દિગ્ધ દેહા, મર્ત્યા ભવન્તિ મકરધ્વજ તુલ્ય** રૂપાઃ ॥

**અર્થ : જેઓ જલોદર રોગ ઉત્પન્ન થવાથી પેટના ભાર વડે વાંકા વળી ગયેલા છે, જે શોચનીય દશાને પ્રાપ્ત થયેલા છે તથા જેમણે જીવનની આશા છોડી દીધેલી છે એવા મનુષ્યો તમારા ચરણકમળની રજરૂપ અમૃતથી પોતાના શરીરને લેપ કરે તો કામદેવ સમાન રૂપવાળા થાય છે.**

૩. વલ્ગ   **ત્તુરંગ ગજગર્જિત ભીમનાદ, માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ।**

**ઉદ્યદ્ દિવાકર મયૂખ શિખાપવિદ્ધં, ત્વત્કીર્તનાત્તમ ઇવાશુ ભિદા** મુપૈતિ ॥

**અર્થ : ઊછળી રહેલા ઘોડાઓ અને હાથીઓની ગર્જના વડે ભયંકર અવાજ થઈ રહ્યો છે એવા શક્તિશાળી રાજાઓનું સૈન્ય પણ ઉદય પામી રહેલ સૂર્યનાં કિરણોના અગ્રભાગ વડે અંધારું નાશ થાય તેમ શીઘ્ર નાશ પામે છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૩)**

૧. સર્પ કેવા વર્ણનો છે?   **શ્યામ**

૨. કીર્તનરૂપી જળ શેને શાંત કરે છે?   **અગ્નિ**

૩. કોનો સમૂહ અંધકારનો નાશ નથી કરી શકતો?   ગ્રહોનો

**જય – જિનેન્દ્ર**

**❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
**❋ NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.**
**❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.**